પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 13-11-2026 **Midday : 2.30 to 2.35 pm**

Day : Friday **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

DyCM MAHUDI TEMPLE VISIT

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે ગાંધીનગરમાં પ્રસિદ્ધ યાત્રાધામ મહુડી મંદિરમાં ઘંટાકર્ણ મહાવીર દાદાના દર્શન કર્યા. તેમણે રાજ્યની સુખાકારી, સમૃદ્ધિ અને જનકલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. દર્શન બાદ શ્રી સંઘવીએ પત્રકારો સાથે વાતચીત કરી.

(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

TEMPLE

આ ઉપરાંત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આવતીકાલનો શક્તિપીઠ અંબાજી મંદિરનો પ્રવાસ રદ કર્યો તે અંગે માહિતી આપતા નાયબ મુખ્યમંત્રીએ કહ્યું, લાભપાંચમ નિમિત્તે ભક્તોને દર્શન માટે મુશ્કેલી ન પડે તે માટે પ્રધાનમંત્રીએ આ નિર્ણય કર્યો છે.

(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER) PM

MODI VISIT

પ્રધાનમંત્રીએ અંબાજીનો પ્રવાસ રદ કર્યો તે અંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ પણ નિવેદન આપ્યું હતું.

(BYTE: SHANKAR CHAUDHARI, CHAIRMAN, GUJARAT

VIDHANSABHA)

MSN PATIDAR SANMAN SAMAROH

મહેસાણાના વિજાપુરમાં રણાસણ ગામમાં શ્રી બહુચર પાટીદાર વાડીના દાતાઓનો સન્માન સમારોહ યોજાયો. આ પ્રસંગે ઉપસ્થિત નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, ગામમાં નિર્માણ પામેલું નવું ભવન માત્ર લગ્ન કે ધાર્મિક પ્રસંગો પૂરતું મર્યાદિત ન રહેતા સમગ્ર ગ્રામજનોને એકતાના તાંતણે બાંધવાનું અને નાના-મોટા પ્રશ્નોનું નિવારણ લાવવાનું મહત્વનું કેન્દ્ર બનશે. તેમણે દાતાઓના સહકારથી તૈયાર થયેલી આ વાડીની સ્વચ્છતા જાળવવા અને આવનારી પેઢી માટે તેને સલામત રાખવી એ સૌની સહિયારી જવાબદારી ગણાવી. શ્રી સંઘવીએ વૃદ્ધ માતા-પિતાની સેવા અને બાળકોના સંસ્કાર ઘડતર માટે સામાજિક આહ્વાન પણ કર્યું.

SK YUVA SABHA

ભગવાન બિરસા મુંડાની 151-મી જન્મજયંતી નિમિત્તે રાજ્યભરમાં જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. તે અંતર્ગત આજે 14 આદિજાતિ જિલ્લામાં યુવાસભાનું આયોજન કરાયું. સાબરકાંઠા જિલ્લામાં પણ તલોદ ખાતે સાંસદ શોભનાબેન બારૈયાની ઉપસ્થિતિમાં યુવા સભા યોજાઈ. આ પ્રસંગે સુશ્રી બારૈયાએ યુવાનોને શિક્ષણ, સંસ્કાર અને નશામુક્તિના સંકલ્પ સાથે વિકસિત ભારતના નિર્માણમાં સહભાગી બનવા અપીલ કરી.

AMD VDR HIGHWAY ACCIDENT

અમદાવાદ–વડોદરા એક્સપ્રેસ રાજમાર્ગ પર બસ, ટ્રક અને ટેન્કર વચ્ચે અકસ્માત સર્જાતા 10 લોકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. મળતી માહિતી મુજબ, સુરતથી અંબાજી તરફ જતી લક્ઝરી બસ સાથે ટ્રક અથડાતા બસ આગળ જતા ટેન્કર સાથે અથડાઈ હતી. તેના કારણે 10 લોકો ઈજાગ્રસ્ત થયા છે.

અગ્નિશમન દળની ટુકડીએ ઘટનાસ્થળે પહોંચી ટ્રકની કેબિનમાં ફસાયેલા ચાલક અને કંડક્ટરને સલામત રીતે બહાર કાઢી તેમને હૉસ્પિટલ ખસેડ્યા હતા. જ્યારે આણંદ ગ્રામ્ય પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

KACHCHH RANN UTSAV VISITORS

કચ્છના સફેદ રણમાં આયોજિત રણોત્સવમાં હાલ દેશવિદેશથી આવતાં પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. પોતાની સુંદરતા અને અનોખી પ્રાકૃતિક છટાના કારણે વિશ્વભરમાં પ્રખ્યાત કચ્છના સફેદ રણમાં પહેલી નવેમ્બરથી વિશ્વ પ્રસિદ્ધ રણ ઉત્સવનો પ્રારંભ થયો. તેમાં લોકોને કચ્છની પરંપરાગત મહેમાનગતિ અને સંસ્કૃતિને નજીકથી જોવાની તક મળી રહી છે. આ અંગે પ્રવાસીઓએ પ્રતિક્રિયા આપી.

(BYTE: RANN UTSAV VISITORS)